# માન ઈન્ડ.ની ઑર્ડર બુક વધીને રૂા. ૧૫૦૦ કરોડ થવાની ધારણા

મુંબઈ, તા. ૩૦ ડિસે.

મોટા વ્યાસવાળી પાઈપ ઉત્પાદક કંપની માન ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા)ની ઑર્ડર બુક વધીને રૂા. ૧૫૦૦ કરોડની થવાની ધારણા છે. ઘરઆંગણે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ઘણા પ્રોજેક્ટ માટે બીડ મૂકી રહી છે. 'અમને વિશ્વાસ છે કે ચોકક્સ નવા ઑર્ડરો મેળવશું,' એમ અધ્યક્ષ આર. સી. મનસુખાનીએ શૅરહોલ્ડરોને અહીં સંબોધતાં કહ્યું હતું.

વાર્ષિક સભામાં નિખિલ મનસુખાનીની વધારાના ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જે. એલ. મનસુખાનીનું ૩૧ ઑક્ટોબરે અવસાન થયું હતું.

કંપનીએ શૅરહોલ્ડરો પાસેથી એફસીસીબીના રિડમ્પશન માટે ભંડોળ એકત્ર કરવાની મંજૂરી મેળવી હતી. એફસીસીબીનું રિડમ્પશન ૨૩મેના રોજ થશે.